વિકલાંગ વ્યકિતઓને કાયમી ધોરણે ઓળખપત્ર આપવા બાબત તથા રાજ્ય સરકારની તમામ પ્રકારની એસ.ટી. બસોમાં વિકલાંગ વ્યક્તિઓને વિના મૂલ્યે મુસાફરીની યોજનામાં આવકમર્યાદા દૂર કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
ઠરાવ ક્રમાંક : અપગ/૧૦૨૦૦૩/૧૬૬/છ-૧
સચિવાલય, ગાંધીનગર.
તા. ૨૧/૦૪/૨૦૧૬.

**વંચાણે લીધા :-**

(૧) સમાજ કલ્યાણ વિભાગનો ઠરાવ ક્ર – અપગ/૧૦૯૬/૨૭૯/છ, તા.૧/૭/૧૯૯૮,
(૨) આ વિભાગનો ઠરાવ ક્ર – અપગ/૧૦૨૦૦૩/૧૬૬/છ-૧, તા.૨૫/૫/૨૦૦૫,
(૩) આ વિભાગનો ઠરાવ ક્ર – અપગ/૧૦૨૦૦૩/૧૬૬/છ-૧, તા.૨૦/૬/૨૦૦૭,
(૪) નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરીનો તા.૫/૪/૨૦૧૬નો પત્ર ક્ર- અપગ/ વિક.એસ.ટી.મુસાફરી/૧૬-૧૭/૯૮.

**ઠરાવ:-**

વિકલાંગ વ્યકિતઓને અભ્યાસ, સારવાર, નોકરી, ધંધાના સ્થળે અને અન્ય સામાજિક કારણસર ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમની બસોમાં પ્રવાસ કરવા સારૂં વિના મૂલ્યે મુસાફરી કરવાની યોજના તત્કાલિન સમાજ કલ્યાણ વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંકઃ અપગ/૧૦૯૦/ન.૮/છ, તા.૪-૦૭-૯૧ થી તેમજ માનસિક પડકારિતાવાળી અને મૂકબધિર વ્યકિતઓને સમાજ કલ્યાણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ અપગ/૧૦૯૧/મુ.મ./૪૧/છ, તા.૧૮-૧-૧૯૯૨ થી અમલમાં આવેલ છે, ત્યાર બાદ તેમાં વખતોવખત આવક મર્યાદા તથા અન્ય બાબતોમાં સુધારા વધારા કરવામાં આવેલ છે. જેમાં ઉપર વંચાણે લીધેલ ક્રમ-(૨) સામેના ઠરાવથી વિકલાંગ ઓળખપત્રની મુદત પાંચ વર્ષની અને છેલ્લે ઉપર વંચાણે લીધેલ ક્રમ-(૩) સામેના ઠરાવથી વાર્ષિક આવકમર્યાદા રૂ.૨.૫૦ લાખ ઠરાવવામાં આવેલ હતી. જેને આશરે આઠ વર્ષ ઉપરાંતનો સમય પસાર થઈ ગયેલ હોવાથી ઉક્ત આવક મર્યાદાનું ધોરણ સુધારવા માટે અવાર નવાર રજૂઆતો મળતી હતી.

આ અંગે નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરીએ ઉપર વંચાણે લીધેલ ક્રમ- (૪) સામેના તા.૫/૪/૨૦૧૬ના પત્રથી વિકલાંગ વ્યક્તિઓને કાયમી ઓળખપત્ર આપવા તેમજ રાજ્ય સરકારની એસ.ટી.બસોમાં વિકલાંગોને વિના મૂલ્યે મુસાફરીની યોજનામાં આવક મર્યાદા દૂર કરવા તેમજ ગુર્જર નગરી, ઇન્ટરસીટી, લકઝરી અને વોલ્વો બસ

સહિત તમામ પ્રકારની બસોમાં મુસાફરીનો લાભ મળવાપાત્ર માટેની દરખાસ્ત રજુ કરેલ હતી, જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે આથી નીચે મુજબ ઠરાવવામાં આવે છેઃ-

(૧) વિકલાંગોને દર પાંચ વર્ષે વિકલાંગ ઓળખપત્ર રીન્યુ કરાવવું પડે છે તેમાં સુધારો કરીને તેમને હવે કાયમી ધોરણે વિકલાંગ ઓળખપત્ર આપવામાં આવશે.

(૨) વિકલાંગ વ્યક્તિની આવક મર્યાદાની જોગવાઈ રદ કરવામાં આવે છે.

(૩) વિકલાંગોને હાલ ફકત સાદી અને એકસપ્રેસ બસમાં જ વિના મૂલ્યે મુસાફરીનો લાભ મળે છે તેના બદલે ગુર્જર નગરી, ઇન્ટરસીટી, લકઝરી અને વોલ્વો બસ સહિત તમામ પ્રકારની બસોમાં મુસાફરીનો લાભ મળવાપાત્ર થશે.

(૪) ૪૦% કે તેથી વધુ અસ્થિવિષયક વિકલાંગતા ધરાવતી વ્યક્તિને પોતાને યોજનાનો લાભ મળશે તથા ૭૦ થી ઓછા બુધ્ધિઆંકવાળી માનસિક પડકારિતા ધરાવતી વિકલાંગ વ્યક્તિને તથા તેના સહાયકને વિના મૂલ્યે મુસાફરીનો લાભ મળશે.

(૫) હાલ અંધ કે મૂકબધિર વ્યક્તિના કિસ્સામાં ફક્ત ૧૦૦ ટકા અંધત્વ કે ૧૦૦ ટકા મૂકબધિરપણું ધરાવતી વ્યક્તિને જ યોજનાનો લાભ મળે છે, તેમાં સુધારો કરી તીવ્ર વિકલાંગતા ધરાવતી એટલે કે ૮૦ ટકા કે તેથી વધુ અંધત્વ કે ૮૦ ટકા કે તેથી વધુ મૂકબધિરપણુ ધરાવતી વ્યક્તિને પણ આ યોજનાનો લાભ મળશે. આથી-

- ૮૦ ટકા કે તેથી વધુ દ્રષ્ટિ વિષયક વિકલાંગતા ધરાવતી વ્યક્તિ તથા તેના સહાયકને વિના મૂલ્યે મુસાફરીનો લાભ મળવાપાત્ર રહેશે.
- ૮૦ ટકા કે તેથી વધુ મૂકબધિરપણુ ધરાવતી વ્યક્તિને પોતાને વિના મૂલ્યે મુસાફરીનો લાભ મળવાપાત્ર રહેશે પરંતુ તેના સહાયકને લાભ મળવાપાત્ર રહેશે નહીં.
- ૭૫ ટકાથી વધુ અસ્થિવિષયક વિકલાંગતા ધરાવતી વ્યક્તિને પોતાને વિના મૂલ્યે મુસાફરીનો લાભ મળવાપાત્ર રહેશે જ્યારે તેના સહાયકને ટીકીટ ભાડામાં ૫૦ ટકા રાહત મળવાપાત્ર રહેશે.

(૬) એસ.ટી.ના પ્રવાસ માટે વિકલાંગ વ્યક્તિઓને નવું ઓળખપત્ર આપવાનું રહેશે, જેમાં વિકલાંગ વ્યક્તિનું નામ, સરનામું, જન્મ તારીખ, અભ્યાસ, બ્લડગ્રુપ, અને ઓળખનું ચિહ્ન દર્શાવવાનું રહેશે. નવા ઓળખપત્ર ન મળે ત્યાં સુધી હાલના ઓળખપત્ર ઉપર આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે.

(૭) ઓળખપત્રમાં વિકલાંગતાનો પ્રકાર (દૃષ્ટિવિષયક / અસ્થિવિષયક / મૂકબધિર / માનસિક પડકારિતા / સેરેબ્રલ પાલ્સી, બહુવિકલાંગતા) અને તેની ટકાવારી

દર્શાવવાની રહેશે.

(૮) વિકલાંગ વ્યક્તિનું અવસાન થયેથી તેમના વાલીએ/વારસદારે ઓળખપત્ર જે તે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરીમાં પરત જમા કરાવવાનું રહેશે.

(૯) વિકલાંગ વ્યક્તિએ તેનો આખો ફોટો પોસ્ટ કાર્ડ સાઈઝમાં જિલ્લાની સમાજ સુરક્ષા અધિકારીની કચેરીએ રજૂ કરવાનો રહેશે.

(૧૦) વિકલાંગ વ્યક્તિનો ફોટો ઓળખપત્રમાં એમ્બોર્સ કરીને રાખવાનો રહેશે.

(૧૧) સક્ષમ સત્તાધિકારીએ આપેલ મેડીકલ સર્ટીફીકેટની યોગ્ય ચકાસણી કર્યા બાદ ઓળખપત્ર પર જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીએ સહી કરવાની રહેશે.

(૧૨) ગુજરાત રાજ્ય માર્ગ અને વાહન વ્યવહાર નિગમને ઉપરોક્ત યોજના પેટે થનાર ત્રિમાસિક ખર્ચની રકમ નિયામક, સમાજ સુરક્ષા ખાતા ધ્વારા આગોતરી જમા કરાવવાની રહેશે. ગુજરાત રાજ્ય માર્ગ અને વાહન વ્યવહાર નિગમ હેઠળની વિભાગીય કચેરીઓ ધ્વારા દર માસે કરાયેલ ખર્ચની વિગતો જે તે જિલ્લાના સમાજ સુરક્ષા અધિકારી સાથે મેળવણું કરી નિયામક, સમાજ સુરક્ષા ખાતાને મોકલી આપવાની રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક:૯૨, ૯૫, ૯૬ અંતર્ગત સંબંધિત બજેટ સદરો હેઠળ કરવાનો રહેશે.

આ યોજનાનો અમલ હુકમની તારીખથી કરવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર સરકારશ્રીની તા.૧૬/૪/૨૦૧૬ ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એચ. જી. ભાભોર)
સંયુક્ત સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.

પ્રતિ,

- નામદાર રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી / રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી,ગુજરાત વિધાનસભા, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, બ્લોક નં.-૧, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

- અધિક મુખ્ય સચિવશ્રી (નાણા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગો, સચિવાલય, ગાંધીનગર.
- ઉપાધ્યક્ષ અને મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ, મધ્યસ્થ કાર્યાલય, નરોડા, અમદાવાદ.
- વિકલાંગ વ્યક્તિઓ માટેના કમિશ્નરશ્રી, બ્લોક નં.૧૬, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- માહિતી કમિશ્નરશ્રી, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.....બહોળી પ્રસિધ્ધિ આપવાની વિનંતી સાથે.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં.-૧૬, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.....બહોળી પ્રસિધ્ધિ આપવાની વિનંતી સાથે.
- નાયબ સચિવશ્રી (અ-શાખા), આરોગ્ય અને પ.ક. વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતુ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતુ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ (મારફતેઃ નિયામકશ્રી(સ.સુ.)).
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ / રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.
- સર્વે શાખાઓ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.
- સેકશન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સા. ન્યા. અને અધિ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઈટમાં છ-૧/શાખાના ઠરાવોની યાદીમાં સામેલ કરવાની વિનંતી સાથે...
- સિલેક્ટ ફાઈલ, છ-૧ શાખા.

------ X ------